For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr
| Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# CA ફાઉન્ડેશન મે-૨૬નું પરિણામ જાહેર, સુરતના 3 વિદ્યાર્થી AIRમાં





**સુરતમાં** કુલ ૨,૧૨૫માંથી ૪૫૮ વિદ્યાર્થીઓ સફળ, સુરતની પાસિંગ ટકાવારી રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ

**પેનોરમિક** એજ્યુકેશનના વંદન બિહાનીનો AIR 10 અને ધીર મુરારકાનો AIR 11

સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા સીએ. ફાઉન્ડેશન પરીક્ષા - મે ૨૦૨૬ના પરિણામમાં સુરતના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી છે. ICAI સુરત બ્રાન્ચ (WIRC)ના ચેરમેન સીએ. રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે સુરતમાંથી કુલ ૨,૧૨૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી ૪૫૮ વિદ્યાર્થીઓ સફળ થયા છે. આ મુજબ સુરતની પાસિંગ ટકાવારી ૨૧.૫૫ ટકા નોંધાઈ છે. જ્યારે રાષ્ટ્રીય સ્તરે પાસિંગ ટકાવારી ૨૦.૦૯ ટકા રહી છે. આમ, સુરતની સફળતા દર રાષ્ટ્રીય સરેરાશ કરતાં અંદાજે ૧.૪૬ ટકા પોઇન્ટ વધુ રહી છે.

પરિણામમાં સુરતના ત્રણ વિદ્યાર્થીઓએ વિશેષ સિદ્ધિ હાંસલ કરીને શહેરનું ગૌરવ વધાર્યું છે. પેનોરમિક એજ્યુકેશને પણ શાનદાર દેખાવ કર્યો છે. સંસ્થાના કુલ ૧૫૦ વિદ્યાર્થીઓમાંથી ૧૩૦

...અનુસંધાન પાના ૯ પર

### સુરતનો સફળતા દર ૨૧.૫૫ ટકા

| વિગતો | સુરત | સમગ્ર ભારત |
|---|---|---|
| વિદ્યાર્થીઓ | ૨,૧૨૫ | ૯૦,૨૧૭ |
| પાસ | ૪૫૮ | ૧૮,૧૨૪ |
| પાસિંગ % | ૨૧.૫૫% | ૨૦.૦૯% |

### સુરતના ટોપર્સ

| વિદ્યાર્થી | AIR | સુરત રેન્ક |
|---|---|---|
| વંદન બિહાની | ૧૦ | ૧ |
| ધીર મુરારકા | ૧૧ | ૨ |
| ઇસ્માઈલ મહેસરી | – | ૩ |
| નિરંજન ટંડેલ | - | ૪ |

### સતત અભ્યાસ અને શિસ્તથી સફળતા



મેં સમગ્ર તૈયારી દરમિયાન નિયમિતતા અને શિસ્ત જાળવી રાખી. રોજ અભ્યાસ કર્યો અને સમયાંતરે પોતાનું મૂલ્યાંકન પણ કર્યું. સતત મહેનતના પરિણામે પ્રથમ પ્રયાસમાં જ સફળતા મળી.

**- ઇસ્માઇલ માહેસરી, સુરતમાં ત્રીજો ક્રમ**

### વિષયની મૂળભૂત સમજ મજબૂત બનાવો



માત્ર ગોખવા કરતાં વિષયના મૂળભૂત ખ્યાલને સમજવાનો પ્રયાસ કરો. દરરોજ પ્રશ્નોનો અભ્યાસ કરો અને પોતાની ભૂલોનું વિશ્લેષણ કરો. મજબૂત કોન્સેપ્ટ જ સારા ગુણ અપાવે છે.

**- ધીર મુરારકા, ઓલ ઈન્ડિયામાં 11મો ક્રમ**

### છેલ્લી ઘડીની તૈયારી પર ભરોસો ન રાખો



મેં દરરોજ નક્કી કરેલા સમય મુજબ અભ્યાસ કર્યો અને દરેક વિષયનું નિયમિત પુનરાવર્તન કર્યું. છેલ્લી ઘડીની તૈયારી પર આધાર રાખ્યો નહીં. નિયમિત મોક ટેસ્ટ અને આત્મવિશ્વાસે મને સફળતા અપાવી.

**- વંદન બિહાની, ઓલ ઈન્ડિયામાં 10મો ક્રમ**

### દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન મરણ



**સ્વ. વર્ષા ભરતભાઈ ઘેલાણી**
સ્વ. તા. ૦૩-૦૭-૨૦૨૬

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજન **વર્ષા ભરતભાઈ ઘેલાણી** તા. ૩ જુલાઈ, ૨૦૨૬ના શુક્રવારના રોજ અરિહંતશરણ પામ્યા છે.
પ્રાર્થનાસભા તથા લૌકિક ક્રિયા બંધ રાખી છે.

લિ.
ભરત ઘેલાણી (પતિ)
પુષ્પાબેન બાબુભાઈ પરીખ (માતા)
ઈશિતા ઘેલાણી (પુત્રી)
સંપર્ક : ૯૩૨૨૨૧૯૧૦૩
મૂળ બિલાખાનિવાસી-હાલ અંધેરી -મુંબઈ

### દુ:ખદ અવસાન-બેસણું



**સ્વ. જયવંતીબેન ગોવિંદ કાલગુડે**
સ્વ.તા.૦૩/૦૭/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે મારા માતૃ શ્રી જયવંતીબેન ગોવિંદ કાલગુડે નું તા.૦૩/૦૭/૨૦૨૬ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા.૦૫ જુલાઈ રવિવારે સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન રાખેલ છે.
બેસણાનું સ્થળ : અમીધારા વાડી, અડાજણ, સુરત.

લિ. બબંન ગોવિંદ કાલગુડે
જ્યોતિબેન બબંન કાલગુડે
નૈતિક બબંન કાલગુડે
શિવાની નૈતિક કાલગુડે

### દુ:ખદ અવસાન / બેસણું



**સ્વ.રક્ષાબેન કૃષ્ણકાંત મહેતા**
સ્વ.તા.૦૩-૦૭-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા માતૃશ્રીમતિ **રક્ષાબેન કૃષ્ણકાંત મહેતા**નું તા.૦૩-૦૭-૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતની **અંતિમયાત્રા તા.૦૪-૦૭-૨૦૨૬ને શનિવારે સવારે ૮.૩૦ કલાકે** અમારા નિવાસસ્થાનેથી નીકળી રામનાથ ઘેલા, ઉમરા મુકામે જશે. સદ્ગતનું **બેસણું તા.૦૪-૦૭-૨૦૨૬ને શનિવારે સાંજે ૫ થી ૭ કલાક** દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે. **બેસણાંનું સ્થળ :** મહારાજા અગ્રસેન ભવન, વર્ધમાન મહાવીર માર્ગ, સીટી લાઈટ ટાઉન, અઠવા, સુરત.

લિ. હેતુલ કૃષ્ણકાંત મહેતા | ડૉ.અમી હેતુલ મહેતા
રક્ષિત ગોર | રોનક રક્ષિત ગોર
સુજય દેસાઈ | રોશની સુજય દેસાઈ
આર્યના, શેના, ઝેક, ઝૂબીન, ક્રિશ સમસ્ત મહેતા અને કાપડિયા પરિવાર.
નિવાસસ્થાન : ડી/૩૦૭, સોમનાથ એન્કલેવ, પાર્લે પોઈન્ટ, સુરત.

### લેઉઆ પાટીદાર અવસાન



**સ્વ. સુનિતાબેન મનીષભાઈ પટેલ**
જ.તા. ૧૫-૦૧-૧૯૭૫
સ્વ.તા. ૦૨-૦૭-૨૦૨૬

અત્યંત દુ:ખદ સાથે જણાવવાનું કે અમારે ત્યાં અમારા ભત્રીજા શ્રી મનીષભાઈ (ગુરૂભાઈ) છોટુભાઈ પટેલના ધર્મપત્ની **શ્રીમતી સુનિતાબેન મનીષભાઈ પટેલનું** તા. ૦૨-૦૭-૨૦૨૬ને ગુરુવારના દિને દુ:ખદ અવસાન થયું છે. ભગવાન સદ્ગતના આત્માને ચિર શાંતિ આપે એવી પ્રાર્થના.

**સદ્ગતની સંયુક્ત પ્રાર્થનાસભા**
તા. ૦૬-૦૭-૨૦૨૬ને સોમવારે સવારે ૧૦:૦૦ કલાકે "શ્રી શિવકૃપા હોલ" ગામ : ઈસરોલીમાં રાખવામાં આવી છે.

**પિયરપક્ષ**
પિન્કેશભાઈ જયેશભાઈ પટેલ
હર્ષિતભાઈ સંજયભાઈ પટેલ
ગામ : મોટી ફળોદ, તા. બારડોલી, જિ. સુરત

**લિ. શોકાતુર**
શ્રી લલ્લુભાઈ મોરારભાઈ પટેલ
શ્રી મહેશભાઈ લલ્લુભાઈ પટેલ
શ્રી મનીષભાઈ છોટુભાઈ પટેલ
શ્રી જયેશભાઈ છોટુભાઈ પટેલ
શ્રી પ્રશાંત મહેશભાઈ પટેલ
શ્રી નીલ મહેશભાઈ પટેલ
શ્રી વિવેક મનીષભાઈ પટેલ
હેની જયેશભાઈ પટેલ
મુ.પો. ઈસરોલી, તા. બારડોલી, જિ. સુરત
મો. ૯૪૨૬૮ ૫૪૧૧૨

## મોદી આજે ગુજરાતમાં, સાણંદમાં દેશના પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરશે

ગાંધીનગરઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે 4 જુલાઈએ રાજસ્થાન અને ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. રાજસ્થાનમાં 1.06 લાખ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા બાદ તેઓ ગુજરાતના સાણંદ ખાતે દેશની પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કરશે. ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે આ પ્રોજેક્ટને ઐતિહાસિક સીમાચિહ્ન માનવામાં આવી રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે તા. 4 જુલાઈના રોજ રાજસ્થાન અને ગુજરાતની મુલાકાતે આવશે. તેમના પ્રવાસની શરૂઆત રાજસ્થાનથી થશે. સવારે અંદાજે 10:45 વાગ્યે તેઓ જોધપુર એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે તેમજ મોડિફાઇડ ઉડાન (UDAN) યોજનાનો શુભારંભ કરાવશે.ત્યારબાદ બપોરે અંદાજે 12:15 વાગ્યે પ્રધાનમંત્રી બાલોત્રા ખાતે પહોંચીને આશરે 1.06 લાખ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. આ પ્રસંગે તેઓ જાહેર સભાને પણ સંબોધન કરશે.રાજસ્થાનનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી સાંજે અંદાજે 4:30 વાગ્યે ગુજરાતના અમદાવાદ જિલ્લાના સાણંદ પહોંચશે. અહીં તેઓ CG SEMI દ્વારા સ્થાપિત દેશની પ્રથમ આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ જનસભાને પણ સંબોધિત કરશે.

સાણંદમાં શરૂ થનારી આ ફેસિલિટી ભારતના સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્ર માટે ઐતિહાસિક સિદ્ધિ માનવામાં આવી રહી છે. ફેસિલિટીમાં વ્યાવસાયિક ઉત્પાદનની શરૂઆત સાથે ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનમાં વધુ મજબૂત સ્થાન મેળવશે. આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) હેઠળ મંજૂર કરાયેલા પ્રથમ ચાર પ્રોજેક્ટ્સમાંનો એક છે, જેમાં 7,500 કરોડથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે. આ ફેસિલિટી સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત થયા બાદ દર વર્ષે અંદાજે 5 અબજ સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન કરી શકશે.

## ગુજરાત સરકારનો ઐતિહાસિક ખેડૂતલક્ષી નિર્ણય



# વીજ ટાવર કે લાઈન હશે તો બજાર ભાવના બમણા દરે વળતર ચૂકવાશે



**ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન, વીજ ટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો**

**ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં ચારેય બાજુ વધારાના એક મીટરનો ઉમેરો કરાયો, ૭૬૫ કે.વી. લાઇનમાં ૬૨૫ ચોમી ના બદલે ૭૨૯ ચો.મી.નું વળતર ચુકવાશે**

**જમીનની વાસ્તવિક બજાર કિંમત નક્કી કરવા 'માર્કેટ રેટ કમિટી' (MRC)ની રચના થશેઃ ખેડૂત પ્રતિનિધિઓને મળશે સ્થાન**

**અગાઉ ત્રણ તબક્કામાં ચુકવણા ના બદલે નવી નીતિમાં એકી સાથે શરૂઆતમાં જ ૧૦૦% ચુકવણું કરવામાં આવશે**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી, ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ અને ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઇ વેકરીયાએ ખેડૂતો સાથે ચર્ચા, વિચાર વિમર્શ અને પરામર્શ કરીને તેમજ ખેડૂતોના આર્થિક હિતને સર્વોપરી રાખીને એક મહત્વપૂર્ણ અને ઉદાર નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન, વીજ ટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે. આ વળતર જમીનના બજારભાવનું બમણું હશે. આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે.

**નમૂનો - ૧**

| વિગત | ગુજરાત સરકારના ઠરાવ તા: ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૩૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| કિંમત | DLVC દર મુજબ (ટાવર માટે - રૂ. ૯૭૯ પ્રતિ ચો.મી.) (ROW કોરીડોર માટે - રૂ. ૭૬૧ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂ. ૧૮૫૩.૨૯ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૬.૧૧ લાખ (૬૨૫ ચો.મી.) | ૨૭.૦૨ લાખ (૭૨૯ ચો.મી.) |
| ROW કોરીડોર | ૧૨.૭૪ લાખ (૨૫% ROW) | ૩૭.૨૫ લાખ (30% ROW) |

**નમૂનો - ૨**

| વિગત | ગુજરાત સરકારના ઠરાવ તા: ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૨૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| કિંમત | DLVC દર મુજબ (ટાવર અને ROW કોરીડોર માટે - રૂ. ૩૮૨ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂ. ૧૨૩૫.૫૩ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૨.૩૮ લાખ (૬૨૫ ચો.મી.) | ૧૮.૦૦ લાખ (૭૨૯ ચો.મી.) |
| ROW કોરીડોર | ૬.૩૯ લાખ (૨૫% ROW) | ૨૪.૮૩ લાખ (30% ROW) |

### ખેડૂત સંગઠનો દ્વારા કરાયેલી રજૂઆતને પગલે મુખ્યમંત્રી દ્વારા ખેડૂતહિતલક્ષી નિર્ણય લેવાયો

ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજ લાઇન માટે અત્યાર સુધી ખેતરમાં વીજ પોલ કે લાઇન નાખવા માટે ખેડૂતોને જંત્રીના બમણા દર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. તે પરત્વે વિવિધ ખેડુત સંગઠનો તરફથી મળતી રજુઆતો અન્વયે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મોટો સુધારો કરીને, જંત્રી આધારિત નહીં પરંતુ જમીનના પ્રવર્તમાન બજાર ભાવ (Market Rate) ના બમણા ભાવ ચૂકવવાનો ખેડૂત હીત લક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

## જમીનની વાસ્તવિક કિંમત નક્કી કરવા માટે સરકાર દ્વારા માર્કેટ રેટ કમિટી રચાશે

**સમિતીમાં ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડૂતોના સત્તાવાર માર્કેટ વેલ્યુઅરનો પણ સમાવેશ કરવામાં આવશે**

**વીજ લાઈનના રાઈટ ઓફ વે કોરિડોર માટે સમિતી દ્વારા નકકી કરાયેલા બજાર કિંમત મુજબ વળતર અપાશે**

**સમિતીમાં કલેક્ટર, જમીન માલિકના પ્રતિનિદી અને ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઈજરના પ્રતિનિધી પણ સમાવાશે**

**ગ્રામ્યમાં બજાર કિંમતના 30 ટકા, પાલિકામાં 45 ટકા અને મહાનગર પાલિકામાં 60 ટકા વળતર અપાશે**

ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ અને પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એમ.આર.સી. (Market Rate Committee)ની રચના કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ સમિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડુતોના ઓથોરાઇઝ્ડ માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે, જેથી ખેડૂતોને અન્યાય ન થાય. માર્કેટ રેટ નિર્ધારણ કરવાની સમિતિમાં કલેક્ટરશ્રી, જમીનમાલિકોના પ્રતિનિધિ અને ટ્રાન્સમીશન સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિ પણ હશે. બીજી તરફ, વીજ લાઇનના રાઇટ ઓફ વે કોરિડોર માટે એમ.આર.સી દ્વારા નિર્ધારીત થયેલ બજાર કિંમતના આધારે વિસ્તાર મુજબ વળતર અપાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં બજાર કિંમતના ૩૦%, નગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૪૫% અને મહાનગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૬૦% મુજબ વળતર આપવામાં આવશે. રાજ્ય સરકારે આ નિર્ણયમાં ઉદારતા દાખવતા સ્પષ્ટ કર્યું છે કે, જે ખેડૂતોએ અગાઉ જૂના ભાવ પ્રમાણે વળતર મેળવી લીધું હોય, પરંતુ વીજ લાઇનનું કામ હજી પ્રગતિમાં (ચાલુ) હોય, તેવા તમામ ખેડૂતોને આ નીતિ નો લાભ મળવાપાત્ર રહેશે.

### ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાનું એક મીટર ગણાશે

તે ઉપરાંત અત્યાર સુધી ખેતરમાં નંખાતા વીજ ટાવરના બેઝ (પાયા) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. હવેથી ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરીને વધુ વળતર ચૂકવવામાં આવશે. આને કારણે બેઝની આજુબાજુની જગ્યા છુટી જતાં જે નુકસાન થતું હતું તેની ભરપાઈ થઈ શકશે.



### અગાઉ 765 કેવી લાઈનમાં 625 ચો.મી. લેખે વળતર અપાતું હતું પણ હવે 729 ચો.મી. લેખે વળતર અપાશે

ઉદાહરણ તરીકે; ૭૬૫ કે.વી. લાઇનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતું હતું, જેમાં હવેથી દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ ચોરસ મીટર લેખે ચૂકવવામાં આવશે. અગાઉ જમીનમાલિકોને વળતર અંગે, ફાઉન્ડેશન તબક્કે ૪૦%, ઇરેક્શન વખતે ૪૦% તથા વાયર લગાડ્યા બાદ ૨૦% રકમ મુજબની ચુકવણી થતી હતી, તેના બદલે જમીનમાલિકોને એક સાથે અને અગાઉથી વળતર ચૂકવવાનું નિર્ધારિત થયેલ છે. સરકારના આ નિર્ણયથી વળતરની રકમ માટે વારેવારે જમીનમાલિકોએ દોડાદોડી કરવી પડશે નહીં અને તેને એકસાથે મોટી રકમ મળી જશે. જેથી તે અન્યત્ર જમીનમાં રોકાણ કરી શકશે.